# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-12-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મન કી બાતમાં જણાવ્યું કે, બંધારણ રાષ્ટ્રનું પથદર્શક છે અને સમયની એરણ પર ખરૂ ઉતર્યું છે.
- સાયબર છેતરપિંડી કરીને નાગરિકોના આંચકી લેવાયેલા ૧૦૮ કરોડ રૂપિયા એક વર્ષમાં સ્ટેટ સાયબર ક્રાઇમે પરત કર્યા.
- ઇન્ટરનેશનલ કોલને લોકલ કોલમાં ડાઇવર્ટ કરી સરકારી તિજોરીને આર્થિક નુકસાન કરવાના કૌભાંડનો સુરતમાં ATS અને SOG પોલીસે ઘટસ્ફોટ કર્યો.
- ભરૂચના દહેજની કંપનીમાં ગેસ લિકેજને કારણે મૃત્યુ પામનારા ચાર કામદારોના પરિજનોને 25-25 લાખનું વળતર અપાશે.
- ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા યોજાયેલી કન્ડક્ટરની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાઇ.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, બંધારણ રાષ્ટ્રનું પથદર્શક છે અને એ અત્યંત સન્માનની વાત છે કે આવતા વર્ષે 26 જાન્યુઆરીએ ભારતીય બંધારણ 75 વર્ષ પૂર્ણ કરી રહ્યું છે.

આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં રાષ્ટ્રને સંબોધન કરતા શ્રી મોદીએ જણાવ્યું કે, સમયની એરણ પર બંધારણ ખરૂ ઉતર્યું છે. તેમણે જણાવ્યું કે, આ વર્ષે બંધારણ દિવસે અનેક પ્રવૃત્તિઓ શરૂ થઈ છે જે સમગ્ર વર્ષ દરમિયાન ચાલુ રહેશે.

13 જાન્યુઆરીથી પ્રયાગરાજમાં શરૂ થઈ રહેલા મહાકુંભ અંગે પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, આ વખતે દેશ દુનિયાના ભક્તો ડિજિટલ મહાકુંભના સાક્ષી બનશે. ડિજિટલ નેવિગેશનની મદદથી લોકો વિવિધ ઘાટ, મંદિરો અને સાધુના અખાડા સુધી પહોંચી શકશે. આ જ સિસ્ટમથી પાર્કિંગની જગ્યા સુધી પણ પહોંચી શકાશે.

પ્રધાનમંત્રીએ ભારતીય ફિલ્મ અને મનોરંજન ઉદ્યોગે ભારતની એકતા ટકાવવામાં ભજવેલી ભૂમિકાની પ્રશંસા કરી હતી. **પ્રધાનમંત્રીએ આરોગ્ય ક્ષેત્રે ભારતની બે મોટી સિધ્ધિનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, વિશ્વ આરોગ્ય સંસ્થાનો અહેવાલ જણાવે છે કે, ભારતમાં 2015થી 2023 દરમિયાન મેલેરિયાના કેસોમાં 80 ટકાનો ઘટાડો થયો છે.**

## (બાઇટ-પ્રધાનમંત્રી- મલેરિયા)

પ્રધાનમંત્રીએ પ્રસિધ્ધ મેડિકલ જર્નલ લાન્સેટનો અભ્યાસ ટાંકતા જણાવ્યું કે, ભારતમાં કેન્સરની સારવાર સમયસર શરૂ કરવાની તકો વધી

ગઈ છે. તેમણે જણાવ્યું કે, આયુષ્યમાન ભારત યોજનાને કારણે કેન્સરનાં ૭0 ટકા દર્દીઓ પોતાની સારવાર સમયસર શરૂ કરી શક્યા છે.

પ્રધાનમંત્રીએ ઠંડીમાં દેશભરમાં ચાલી રહેલી રમતમગત અને ફિટનેસ પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, કાશ્મીરમાં સ્કિઇંગથી માંડીને ગુજરાતમાં પતંગોત્સવ માટેનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શ્રી મોદીએ બસ્તર ઓલિમ્પિક્સનો પણ ઉલ્લેખ કર્યો હતો.

**(બાઇટ- પ્રધાનમંત્રી- બસ્તર)**

શ્રી મોદીએ દેશવાસીઓને નવા વર્ષની શુભેચ્છા આપતા વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, ભારત આગામી વર્ષમાં નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરશે.

## VALSAD- AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ રાજ્યના પ્રવાસે આવી રહ્યાં છે. આજે મોડી સાંજે તેમનુ અમદાવાદ એરપોર્ટ ઉપર આગમન થશે. આવતીકાલે તેઓ વલસાડના ધરમપુર ખાતે શ્રીમદ રાજચંદ્ર મિશનના વાર્ષિક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. તેઓ અમદાવાદ ખાતે પરત આવીને 31મી ડિસેમ્બરે દિલ્હી જવા રવાના થશે.

## GANDHINAGAR- CYBER FRAUD

એક વર્ષમાં સાયબર ગઠીયાઓએ છેતરપિંડી કરીને નાગરિકોના આંચકેલા ૧૦૮ કરોડ રૂપિયા સ્ટેટ સાયબર ક્રાઇમ સેલે રિકવર કરી પરત કર્યા છે. આ રિકવર કરેલા નાણાં ઉપરાંત એક વર્ષમાં ૨૮૫ કરોડ રૂપિયા કરતાં વધુ  ફ્રિઝ કરવામાં આવ્યા હતા. સાયબર ફ્રોડ થયાના શરૂઆતના

સમયમાં મળેલી ફરિયાદોમાં નાણાં ફ્રિઝ અને રિકવરી રેટ સૌથી વધુ રહ્યો હતો.

અરજદારોને નાણા પરત મળે તે માટે લોક અદાલત યોજીને ખાસ ઝુંબેશ યોજાઇ હતી.. જેમાં રાજ્યભરની ૪૦ હજાર કરતા વધુ અરજીઓના લોક અદાલતમાં મંતવ્યો રજૂ કરાયા હતા. જેના દ્વારા વધુ ૭૫ કરોડ રૂપિયા નાગરિકોને પરત મળશે, તેમ સ્ટેટ સાયબર ક્રાઇમ સેલના એસ.પી ધર્મેન્દ્ર શર્માએ જણાવ્યું હતું...

**(બાઇટ- ધર્મેન્દ્ર શર્મા, SP, સ્ટેટ સાયબર ક્રાઇમ સેલ)**

# ATS SURAT OPERATION

સુરતમાં ATS અને શહેર SOG પોલીસે મોટું ઓપરેશન હાથ ધર્યું હતું. આ ઓપરેશન દરમિયાન ઇન્ટરનેશનલ કોલને લોકલ કોલમાં ડાઇવર્ટ કરી સરકારી તિજોરીને આર્થિક નુકસાન કરવાના કૌભાંડનો ઘટસ્ફોટ થયો છે.

સુરતના અડાજણના ઝોયાજ હબ અને વેસુના એક્સુલ્યુટ દુકાનોમાં દરોડા પાડીને પોલીસે આ કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો.. અડાજણ ઝોયાજ હબમાં જીઓની 500 લાઈન લઇ કોલ ડાઇવર્ટ કરવામાં આવતા હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું.. સુરતના વેસુના એક્સુલ્યુટ દુકાનમાં 250 લાઈન લઇને આ કૌભાંડ આચરવામાં આવતું હતુ.. આ કોલનો માર્કેટિંગ અને ગેમિંગ માટે દૂરઉપયોગ કરવામાં આવતો હતો.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

# BHRUCH GAS TREGEDY

ભરૂચ જિલ્લાના દહેજની જીએફએલ કંપનીમાં ગેસ લીકેજના કારણે મૃત્યુ પામનાર 4 કામદારોના પરિવારજનોને 25 લાખ રૂપિયા આપવાની કંપનીએ જાહેરાત કરી છે. શનિવારે રાત્રે જીએફએલ કંપનીમાં ઉત્પાદન થઇ રહ્યું હતુ તે દરમિયાન ગેસ લિકજેની ઘટના ઘટી હતી.

વાલ્વ લિકેજને કારણે પ્લાન્ટમાં કાર્યરત એક કર્મચારી અને ત્રણ કોન્ટ્રાક્ટ કામદારને તેની ગંભીર અસર થઇ હતી. આ દુર્ઘટનાનો ભોગ બનેલા ચારેય કામદારોને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા પંરતુ સારવાર દરમિયાન ચારેયના મોત થયા હતા. આ દુર્ઘટના બાદ પોલીસ અને SDM ઘટના સ્થળે ધસી ગયા હતા.. સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ મનીષા મનાણીએ આ દુર્ઘટનાની માહિતી આપી હતી.

**(બાઇટ- મનીષા મનાણી, SDM, ભરૂચ)**

# GSRTC CONDUCTOR EXAM

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ-GSRTC દ્વારા આજે રાજ્યના ત્રણ શહેરોમાં કંડકટરની ભરતી પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં

યોજાઈ ગઈ. ત્રણ શહેરોના પરિક્ષા કેન્દ્રો પૈકી અમદાવાદમાં 23 હજાર 371, રાજકોટમાં 7 હજાર 452 અને મહેસાણામાં 4 હજાર 398 ઉમેદવારો નોંધાયા હતા. ત્રણેય શહેરોમાં કુલ ૩૦ હજાર ૮૪૩ ઉમેદવારોએ આજે પરીક્ષા આપી હતી.

આગામી સમયમાં સત્તાવાર વેબસાઈટ પર OMR શીટ અને આન્સર કી ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવશે, તેમ નિગમની યાદીમાં જણાવાયું છે.

# 31ST POLICE CHEKING

અરવલ્લી જિલ્લામાં થર્ટી ફસ્ટ ડિસેમ્બરે રાત્રે યોજાનાર પાર્ટીને ધ્યાનમાં રાખીને પોલિસ અધિકારીઓની અધ્યક્ષતામાં એક બેઠક યોજાઇ ગઇ. આ બેઠકમાં હોટલ, પાર્ટી પ્લોટ તથા ફાર્મ હાઉસના માલિકો સાથે મીટીંગ કરી તકેદારી રાખવા જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.

વલસાડ જિલ્લા પોલીસ દ્વારા તમામ વિસ્તારોમાં બ્રીથ એનેલાઈઝર મશીન દ્વારા તપાસ કરવામાં આવી રહી છે અને જિલ્લામાં વાડીઓ, ફાર્મ હાઉસ પર થતી પાર્ટીઓ પર પોલીસ નજર રાખી રહી છે અને પોલીસે એક્સન પ્લાન પણ બનાવ્યો છે..

31 મી ડિસેમ્બરની ઉજવણીને લઈ મહીસાગર જિલ્લા પોલીસ એલર્ટ થઇ છે અને ગુજરાત-રાજસ્થાનની કાલીયા કુવા બોર્ડર પર ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે.

# WEATHER

રાજ્યમાં આગામી પાંચ દિવસ વાતાવરણ સુકુ રહેવાની શક્યતા છે અને તાપમાન યથાવત રહેશે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું કે, રાજ્યમાં જે ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશા તરફથી ઠંડા બરફીલા પવનો આવી રહ્યા હતા, તેની દિશા આગામી દિવસોમાં બદલાઈને પૂર્વ તરફની રહેવાની સંભાવના છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીનું પ્રમાણ યથાવત રહેવાની સંભાવના છે.

રાજ્યમાં છેલ્લા 24 કલાક દરમિયાન નલિયામાં સૌથી ઓછું 5.6 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું જ્યારે રાજકોટમાં 9.3, અમદાવાદમાં 15, વડોદરામાં 17.8 અને સુરતમાં 17 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

વલસાડમાં કમોસમી વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને શાકભાજીના તૈયાર પાક અને આંબાવાડીમાં તકેદારી રાખવા બાગાયત વિભાગે સૂચના આપી છે..

# MANMOHAN SINGH PRATHA SABHA

દેશના પૂર્વ પ્રધાનમંત્રી ડોક્ટર મનમોહનસિંહને શ્રધ્ધાંજલી અર્પવા માટે આવતીકાલે અમદાવાદમાં પ્રાર્થના સભા યોજાશે.. એલિસબ્રિજ સ્થિત રાજીવ ગાંધી ભવન ખાતે કોંગ્રેસ દ્વારા આ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું છે.. આવતીકાલે સાંજ પાંચ વાગે આ પ્રાર્થના સભા યોજવામાં આવી છે.

# PATAN MERATHON

પાટણમાં લોકો સ્વાસ્થય પ્રત્યે જાગૃત થાય તેવા આશયથી આજે વહેલી સવારે મેરેથોન યોજાઇ હતી.

આ મેરેથોનમાં 2 કિ.મી., 5 કિ.મી., 11 કિ.મી. અને 21 કિલોમીટરની દોડ યોજાઇ હતી. જેમાં બાળકોથી લઈને યુવાનો, વયોવૃદ્ધ ભાઈ-બહેનો, ડોક્ટરો વગેરે ઉત્સાહ અને ઉમળકાથી જોડાયા હતા.

મેરેથોન પૂર્ણ થયા બાદ જીમખાના ગ્રાઉન્ડમાં ઇનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ચારેય વિભાગમાં પ્રથમ ત્રણ ક્રમે વિજેતા બનેલા દોડવીરોને પાટણના સાંસદ ભરતસિંહ ડાભી, પાટણના ધારાસભ્ય ડો. કિરીટ પટેલ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણના કુલપતિ ડૉ. કે.સી. પોરીયા, પાટણ નગરપાલિકાના પ્રમુખ હિરલબેન પરમાર સહિત આગેવાનોના હસ્તે મેડલ સર્ટિફિકેટ તેમજ ઇનામની રકમનો ચેક આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

# TRAIN TIME TABLE

આ પહેલી જાન્યુઆરી, 2025થી અમદાવાદ ડિવિઝનના વિવિધ સ્ટેશનો પરથી ચાલતી ટ્રેનોના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જે અંતર્ગત, કેટલીક ટ્રેનોની સ્પીડ વધારવામાં આવી રહી છે, જેના કારણે આ ટ્રેનો તેમના ચાલુ નિર્ધારિત સમય પહેલા તેમના ગંતવ્ય સ્થાન પર પહોંચી જશે.

કુલ 95 ટ્રેનોની સ્પીડ વધારવામાં આવી છે. જેથી 48 ટ્રેનોના મુસાફરીમાં લગતા સમયમાં 05 મિનિટથી લઇને 65 મિનિટ સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે.  જેને લીધે મુસાફરોને સંપૂર્ણ લાભ મળશે અને સમયની બચત થશે.

અમદાવાદ ડિવિઝનના અમદાવાદ, સાબરમતી, મણિનગર, મહેસાણા, પાલનપુર, પાટણ, ભીલડી, ઊંઝા, સિદ્ધપુર, ગાંધીનગર, કલોલ,

વિરમગામ, ગાંધીધામ, હિંમતનગર, હળવદ, ધ્રાંગધ્રા, સામાખ્યાલી, ભુજ સહિત અન્ય સ્ટેશનોના સમયમાં ફેરફાર થશે. જેમાં આ ટ્રેનો તેના વર્તમાન નિર્ધારિત  સમય થી પહેલા કે પછી પહોંચશે.

અમદાવાદ ડિવિઝનના નવા ટાઈમ ટેબલ વિશે વધુ માહિતી માટે QR કોડ સ્કેન કરવાનો રહેશે અને પૂછપરછ માટે રેલવે ઈન્ક્વાયરી નંબર 139 અથવા વેબસાઈટ www.wr.indianrailways.gov.in પર માહિતી મળી શકશે.